


**ધનસુરાના કરોલી વિસ્તારમાં ડામર પ્લાન્ટ અને ક્વોરી ખેડૂતો અને માનવો માટે હાનિકારક**

અરવલ્લી જિલ્લાના ધનસુરા-બાયડ માર્ગ પર આવેલા કરોલી ગામ પાસે ડામરપ્લાન્ટ અને ક્વોરીઓના ઉદ્યોગથી ફેલાતા પ્રદુષણ અને ડસ્ટથી ખેતી લાયક જમીનમાં વહેરાતા પાકના ઉત્પાદનમાં ઘટાડો થવાની સાથે ગ્રામજનોના સ્વાસ્થ્ય માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા છે. ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહનચાલકો પણ ડસ્ટથી વાહન હંકારવામાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જવાબદાર તંત્ર દ્વારા ક્વોરી સંચાલકો અને ડામર પ્લાન્ટના માલિક સામે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# વડોદરા મેરેથોન દોડનું મુખ્યમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું

અમદાવાદ, તા. ૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, મેરેથોન દોડ સામુહિક એકાત્મતા અને સંગઠિત સમાજનો આવિર્ભાવ કરે છે. તેમણે વહેલી સવારે નવલખી મેદાન ખાતેથી સાતમી વડોદરા મેરેથોનના, દિવ્યાંગોની વિવિધ



શ્રેણીઓ સહિતના દોડવીરોને પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે રાજયના શહેરોને વડોદરા મેરેથોનમાંથી પ્રેરણા લઈને રમત સંસ્કૃતિને વેગ આપવા ખાસ અનુરોધ કરવાની સાથે, ગુજરાતની વિકાસયાત્રામાં સહુ જોડાય એવું આહવાન કર્યું હતું. રાજયના રમત ગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલ મેરેથોન પ્રસ્થાનમાં મુખ્યમંત્રીની સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રીએ સતત બીજા વર્ષે વડોદરા મેરેથોનને વિદાય કરાવી હતી. તેમણે સ્પોર્ટસ પર્સનના પહેરવેશ દ્વારા દોડવીરો અને વ્યાયામ ચાહકોને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ખેલ મહાકુંભ યોજીને ખેલે ગુજરાતની પ્રેરણા આપી છે અને ગુજરાતને રમતું કર્યું છે. તેમણે ગુજરાતીઓને દેશના વિકાસમાં જોડાયા છે.

મુખ્યમંત્રીએ લોકોને શારીરિક માનસીક વિકાસ માટે કટિબદ્ધ બનવાની પ્રેરણા આપતી શ્રીમતી તેજલ અમીન અને ટીમ વડોદરા મેરેથોનને અભિનંદન અપાઠવ્યા હતા.

આ પ્રસંગે શ્રીનાથજી મંદિર, નાથદ્વારના તિલકાયત વિશાલ બાવાશ્રીએ મુખ્યમંત્રીનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રી મંચ પર ઉપસ્થિત ધર્માચાર્યોનું ભાવપૂર્વક વંદન કર્યા હતા.

# એક લાખ મુલાકાતીઓ સાથે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું સમાપન

**ત્રણ દિવસની સમિટમાં ૩ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી : જોબફેરમાં ૧૦૦ કંપનીઓએ ભાગ લીધો : ૧ લાખ ફૂડ 'સરદારપ્રસાદ'નું વિતરણ મુલાકાતીઓને કરાયું**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આજે સફળ સમાપન કરવામાંઆવ્યુંહતું. પાટીદાર સમાજની આ સર્વપ્રથમ બિઝનેસ સમિટના અંતિમ દિવસે ૧ લાખથી વધારે મુલાકાતીઓ ઉમટી પડ્યા હતા. ૩ દિવસની આ સમિટમાં ૩૨થી વધુ દેશોમાંથી આવેલા પાટીદાર ડેલીગેટ્સ સહિત ૩ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. સમીટના ત્રીજા દિવસે જીપીબીએસ જોબફેરનું આયોજન કરવામાંઆવ્યુંહતું જેમાં ૧૦૦ જેટલી કંપનીઓ જોડાઈ હતી. કુલ ૨૫૦૦ જેટલી જગ્યાઓ માટે ૧૦,૦૦૦ હજાર અરજીઓ આવી હતી.

કન્વેન્શનના અંતિમ દિવસે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારી દ્વારા બિઝનેસમાં સરકારી સહાય અંગે સેમિનારમાં માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર ચેતન ભગત દ્વારા પ્રેરણાદાયક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં ૧૦,૦૦૦થી વધારે યુવાનોએ હાજરી આપી હતી. ગ્લોબલ પાટીદાર



બિઝનેસ સમિટના ઈવેન્ટ પાર્ટનર પ્રવેગ કોમ્યુનિકેશન્સ લિમિટેડ દ્વારા સમગ્ર ઈવેન્ટના આયોજન માટે અમદાવાદની વિવિધ કોલેજોમાં ભણતી ૩૦૦થી વધુ પાટીદાર દિકરીઓને તાલીમ આપીને સમગ્ર ઈવેન્ટના મેનેજમેન્ટ માટે તૈયાર કરી હતી. આ દિકરીઓએ જીપીબીએસમાં પ્રોટોકોલ, રજીસ્ટ્રેશન, ગેસ્ટ મેનેજમેન્ટ, ફૂડકોર્ટ અને કન્વેન્શનમાં જવાબદારી સુવ્યવસ્થિત રીતે સંભાળી હતી. નિકોલ ખાતે આવેલ કેળવણીધામના પાટીદાર યુવકો દ્વારા ૧ લાખ ફૂડ ''સરદારપ્રસાદ''નું વિતરણ મુલાકાતીઓને વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું. કેળવણીધામમાં અભ્યાસ કરતા ૧૫૦ જેટલા યુવાનોએ સેવા આપી હતી.

ગાંધીનગર શહેરની આસપાસના ગામોમાં રહેતા યુવાનોના મંડળ દ્વારા સમગ્ર જીપીબીએસ ટ્રાફીક મેનેજમેન્ટ તથા પાર્કિંગ મેનેજમેન્ટની વ્યવસ્થા સુંદર રીતે સંભાળી હતી. જીપીબીએસ ૨૦૧૮ ઈતિહાસમાં સૌપ્રથમવાર વિક્રમજનક સંખ્યામાં લોકોએ મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી. સરદારધામના પ્રમુખ સેવક ગગજી સુતરીયાએ જણાવ્યું હતું કે 'જીપીબીએસ ૨૦૧૮નું આયોજન સમગ્ર રીતે સફળ રહ્યું હતું. મિશન ૨૦૨૬ અંતર્ગત સરદારધામ દ્વારા નિયત કરેલ લક્ષ્ય સુધી પહોંચવા માટેનું આ પ્રથમ પગલું હતું. જે અપેક્ષાથી પણ વધુ સફળ રહ્યું હતું. પાટીદાર સમાજ દ્વારા પણ જીપીબીએસ ૨૦૧૮ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

## કડવા પાટીદારના પ્રમુખ તરીકે દિલીપભાઈ ધનજીભાઈ પટેલની નિમણૂક

કચ્છ કડવા, મોડાસીયા પાટીદાર, મહેસાણા અને સાઠંબા પરિવારોના સમૂહ શ્રી એવા ઉમિયા પરિવાર મોડાસાની શનિવારે મોડાસા કડવા પાટીદાર કડવા પાટીદાર બૉર્ડિંગમાં યોજાયેલ જનરલ મિટિંગમાં યોજાયી હતી. જેમાં સર્વાનુમતે મોડાસાના યુવા



અગ્રણી વેપારી અને વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા દિલીપભાઈ ધનજીભાઈ પટેલની પ્રમુખ તરીકે અને મંત્રી તરીકે મોહનભાઈ કે. પટેલની વરણી કરવામાં આવી હતી. પાટીદાર સમાજ સહીત અરવલ્લી જિલ્લાના અન્ય સમાજના અગ્રણીઓ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

**પાલ્લા ગામ નજીક હિટ એન્ડ રનની ઘટના**

# માર્ગની બાજુમાં પસાર થતા રાહદારીને કારે ટક્કર મારતા ઘટનાસ્થળે મોત

શામળાજી, તા. ૭

શામળાજી-ભિલોડા રાજય ધોરીમાર્ગ પર આવેલા પાલ્લા ગામ



નજીક પાસે રોડની સાઈડમાંથી પસાર થતા આધેડને હોન્ડા સીટી કારના ચાલકે અડફેટે લેતા રાહદારીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. કાર ચાલક હિટ એન્ડ રનની ઘટના સર્જી ફરાર થઈ જતા શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલ્લા ગામ નજીક રવિવારે સવારે ૧૦ વાગ્યાના સુમારે રોડ બાજુની સાઈડ પરથી પસાર થતા કમજીભાઈ નાનજીભાઈ બરંડા (ઉં.વર્ષ-૫૮) રહે. ઓડ, તા. ભિલોડાને હોન્ડા સીટીકાર (ગાડી.નં-જીજે.૦૩.એબી.૯૨૯૧)ના ચાલકે પૂર ઝડપે બેદરકારી દાખવી ગફલતભરી રીતે હંકારીને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનસ્થળે મોત નિપજતા અકસ્માતના સ્થળે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. કાર ચાલક કાર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતક આધેડના શરીરને પીએમ માટે મોકલી આપી રોડ પરથી ટ્રાફિકજામ દૂર કરી પોપટભાઈ કમજીભાઈ બરંડા (રહે.ઓડ)ની ફરિયાદના આધારે કારચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

## ધિરાણ ઘટ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનામાં મળેલ સારા પ્રતિસાદની સાથે ખાસ પેન્શન યોજનાના લાભાર્થી વધે તે જોવા પણ જણાવવામાં આવ્યું હતું. બેંકના ખાતાઓને આધારકાર્ડ સાથે લીંક કરવાની કામગીરી સારી રીતે ચાલી રહી હોવાનો ઉલ્લેખ કરી આગામી બેક મળે ત્યાં સુધી ૧૦૦ ટકાનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે પણ બેંકોને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લામાં કેન્દ્ર સરકારના અન્ય કાર્યક્રમો સ્ટેન્ડઅપ ઈન્ડિયા, મુદ્રા યોજનાના અમલીકરણ વિશે પણ ચર્ચાઓ કરાઈ હતી. તેમજ હાઈસીંગ ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે ધિરાણના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે વધુને વધુ પ્રયાસો કરવા માટે જણાવાયું હતું. એન.પી.એ.ની ટકાવારી વધે નહિ અને સમયસર વસુલાત પર ભાર મુકવામાં આવ્યો હતો. ખાસ કરીને કૃષિ, મધ્યમ અને લઘુ ઉદ્યોગ ક્ષેત્રે તેમજ અન્ય પ્રાયોરીટી ધરાવતા ક્ષેત્રોમાં સમયસર વસુલાત થાય તે માટે બેંકિંગક્ષેત્ર વધુ સક્રિય બને એટલુ જ નહિ વસુલાત માટે અલાયદી અસરકારક વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવો સુર પણ સૌએ વ્યક્ત કર્યો હતો.

## પતંગ ઉત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૮ના નૂતન વર્ષની શુભેચ્છા પણ પાઠવી હતી. રૂપાણીએ પણ આ પ્રસંગે પોતાનું સંબોધન કર્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૮માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ઉત્તરાયણ ગુજરાતની ઓળખ બની ચુકી છે. પર્વ અને ઉત્સવોની ઉજવણીથી ગુજરાતને ધબકતુ રાખવાનો વિચાર વર્તમાન વડાપ્રધાન મોદીની દીર્ધદ્રષ્ટિનો પરિપાક છે. રૂપાણીએ પતંગ ઉત્સવને લઈને નિર્દોષ પંખિયોને કોઈ હાની ન પહોંચે તે માટે પણ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ મકરસંક્રાંતિથી ઉત્તર તરફનું સૂર્ય પ્રયાણ સૂર્યની ઉર્ધ્વગતિ ગુજરાત અને સૌ ગુજરાતીઓ માટે સૌનો સાથ સૌનો વિકાસ અવસર બને તેવી શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ પ્રવાસન મંત્રી ગણપત વસાવાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, પ્રવાસન વિભાગ દ્વારા સાતમી જાન્યુઆરીથી ૧૪મી જાન્યુઆરી સુધી રાજ્યના વિવિધ શહેરોમાં પતંગ મહોત્સવ ઉજવાશે. ૧૮ રાજ્યોના ૨૦૦થી વધુ પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતના ૩૦૦ પતંગબાજો જોડાયા છે. પતંગ ઉત્સવથી ૨.૮૨ લાખ લોકોને રોજગારી મળી રહી છે. રૂપિયા ૫૭૨ કરોડનું ટર્નઓવર આ પતંગ ઉત્સવથી થવા જઈ રહ્યું છે. પતંગ ઉત્સવના અવસરે તમામ વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગણગણાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ફી વધારો લેવા નતનવી તરકીબ પણ શાળા કક્ષાએ અજમાવાતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નિયત દરે ફી વસુલવાની વાતનો હજુ પણ યોગ્ય અમલ થઈ શક્યો ન હોવાનો કકળાટ કાને સંભળાય છે. શાળા સંચાલકો દ્વારા ફી નિયમનની ઐસી તૈસી કરવામાં આવી રહી હોવાનો ગણગણાટ થઈ રહયો છે. આવા સંજોગોમાં ફી નિયમનના અમલ અંગે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. શાળામાં અભ્યાસ કરતા પોતાના પાલ્યની વધુ ફી ની માંગણી સામે વાલીઓ શાળા સંચાલક સામે મોઢુ ખોલતા ગભરાટ અનુભવે છે. ત્યારે શાળાઓ ફી નિયમનના મુદ્દે યોગ્ય અમલ કરે તે માટે વાલીઓની લાગણીને ધ્યાને લઈ જરૂરી વ્યવસ્થા ગોઠવાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

## પ્લેયર્સના મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મૃતકોમાં હરીશ, ટિંકુ, સૂરજ તથા અન્ય એક સામેલ છે. ગંભીર રીતે ઘાયલ થયેલામા દિલ્હીના નાંગલોઈ વિસ્તારના સક્ષમ યાદવ પણ સામેલ છે, જે બે વાર વેઈટ લિફ્ટિંગના વર્લ્ડ ચેમ્પિયન પણ રહી ચૂક્યા છે. સક્ષમ યાદવે ૨૦૧૭માં વર્લ્ડ ચેમ્પિયનમા ઈન્ડિયા માટે ગોલ્ડ જીત્યો હતો. બંને પ્લેયર્સને બાદા મેક્સ હોસ્પિટલ શાલીમાર બાગમા રેફર કરાયા હતા. જ્યારે કે, બાકીના પ્લેયર્સ દિલ્હી તિમારપુર વિસ્તારમાં રહેવાસી હોવાનું કહેવાય છે.

## પદ્માવતિ ફિલ્મ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાસ્તવિકતાના દાવા કરતી નથી. ફિલ્મનું નામ પદ્માવતીથી બદલીને પદ્માવત કરી દેવામાં આવ્યું છે. ફિલ્મના લોકપ્રિય ગીત ઘુમરમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ઘુમરના ગીતમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત ફિલ્મમાં દર્શાવવામાં આવેલા ખોટા અને ભ્રમિત કરનાર ઐતિહાસિક તથ્યોમાં અને સ્થળોમાં ફેરફાર કરવામાં આવશે. ફિલ્મમાં એવું પણ દર્શાવવામાં આવશે કે આ ફિલ્મ કોઈ પણ પ્રકારથી સતિપ્રથાનું સમર્થન કરતી નથી. તમામ ફેરફારો વચ્ચે હવે આ ફિલ્મને રજૂ કરવાનો નિર્ણય કરાતા અટકળોનો અંત આવી ગયો છે.

## ઠંડીનો પ્રકોપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાપમાન ક્રમશઃ માઈનસ છ અને માઈનસ ચાર થઈ ગયું છે. સિઝનમાં સૌથી નીચુ લઘુત્તમ તાપમાન નોંધાયું છે. પહેલગામમાં માઈનસ ૮.૯ અને ગુલમર્ગમાં માઈનસ ૯.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન થયું છે. બીજી બાજુ લેહમાં માઈનસ ૧૬.૮ અને કારગિલમાં માઈનસ ૧૮.૮ ડિગ્રી તાપમાન થયું છે. જમ્મુ પ્રદેશમાં શહેરમાં પારો ચાર સુધી પહોંચ્યો છે. માતા વૈષ્ણોદેવી તરફ દોરી જતા માર્ગ કતરા ખાતે તાપમાન પાંચ ડિગ્રી થયું છે. ભદરવામાં માઈનસ ૧.૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. દેશના જુદા જુદા ભાગોમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હીથી ચાલતી અનેક ટ્રેનો લેટ થઈ છે. જ્યારે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે.

## મહારાષ્ટ્ર પ્રથમ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટ 'મેગ્નેટિક મહારાષ્ટ્ર : કન્વર્જન્સ ૨૦૧૮' યોજવા માટે સજ્જ

મહારાષ્ટ્ર સરકારે રોકાણને પ્રોત્સાહન આપવા માટે આજે રાજ્યના સૌપ્રથમ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ''મેગ્નેટિક મહારાષ્ટ્રઃ કન્વર્જન્સ ૨૦૧૮''ની જાહેરાત કરીને આર્થિક બળ આપવાનો પ્રયાસ કર્યો છે. સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તથા વડાપ્રધાનના ફ્લેગશીપ પ્રોગ્રામ 'મેક ઈન ઈન્ડિયા'ને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે મુંબઈમાં બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ ખાતે એમએમઆરડીએ ગ્રાન્ડમાં ૧૮થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન આ સમીટ યોજાશે.

આજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ટેગલાઈન #MadeFroBusinessનું અનાવરણ કર્યું હતું, જે મેગ્નેટિક મહારાષ્ટ્ર કેમ્પેઈન સાથે સુસંગત છે તથા રાજ્યના વર્તમાન યોગદાન અને ભાવિ ઔદ્યોગિક વૃદ્ધિદરને આગળ ધપાવવા માટેની તૈયારી સૂચવે છે. આ ત્રણ દિવસીય ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટનો ખ્યાલ મુખ્યત્વે ચાર પિલ્લર્સ એમ્પલોયમેન્ટ, સસ્ટેનેબિલિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફ્યુચર ઈન્ડસ્ટ્રીઝ ઉપર આધારિત છે.

મેગ્નેટિક મહારાષ્ટ્ર : કન્વર્જન્સ ૨૦૧૮ અંગે વિચારો વ્યક્ત કરતાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, ''ગ્લોબલ ઈનવેસ્ટમેન્ટ સમીટ દ્વારા અમે તમામ ઔદ્યોગિક રોકાણ માટે મહારાષ્ટ્રની મુખ્ય કેન્દ્ર તરીકેની સ્થિતિને મજબૂત બનાવવા માગીએ છીએ, જ્યાં પ્રતિભાશાળી વ્યક્તિઓ, ઉદ્યોગો અને સરકારી તંત્ર સહ-નિર્માણ માટે ભેગા થાય.''

તેમણે ઉમેર્યું હતું કે, ''અમે ફ્યુચર રેડી સ્ટેટનું નિર્માણ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ, જે ઈન્ડસ્ટ્રીયલ ઈનોવેશન અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ બાબતે વિશ્વભરમાં ટોચનું કેન્દ્ર હોય.''

આ સેશનમાં મેગ્નેટિક મહારાષ્ટ્ર : કન્વર્જન્સ ૨૦૧૮ સ્માર્ટફોન એપ્લીકેશન અને માઈક્રો-સાઈટ www.midcindia.rog/convergence2018/registration લોન્ચ કરાઈ હતી, જે સમીટની વિગતો તેમજ સહભાગીઓને રજીસ્ટ્રેશનમાં સરળતા પૂરી પાડશે. રાજ્યમાં નવા ઉદ્યોગ સાહસિકોને સહયોગ આપવા સમીટમાં મેગ્નેટિક મહારાષ્ટ્ર સ્ટાર્ટ-અપ્સ અન્ડર ૩૦ સ્પર્ધા પણ યોજાશે. પ્રખ્યાત જુરીના નિર્ણય બાદ વિજેતાને રૂ. ૫૦ લાખ તથા પ્રથમ અને બીજા રનર્સ-અપને અનુક્રમે રૂ. ૩૦ લાખ અને રૂ. ૨૦ લાખનું રોકડ ઈનામ એનાયત કરવામાં આવશે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

પોલીસ અધિકારીને આપેલ છે માર્ગદર્શનનું પાલન નહિ કરનાર સામે કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે. જે લોકો આર્થિક રીતે સધ્ધર ના હોય કે તેઓ હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ પહોંચી શકવા સક્ષમ ના હોય તેઓ રાજય કાનુની સેવા સત્તા મંડળના નિયમોમાં આવતા હોય તેવા વ્યક્તિઓ નિઃશુલ્ક કાયદાકિય અને તેમની સેવા પણ મેળવી શકે છે. પ્રાથમિક તપાસ એવા પ્રકારની અને કયા સંજોગોમાં કરવી તે કેસોના તથ્યો, તારણો, કારણો, તકરારો અને તેના સંજોગો ઉપર આધારિત છે સુપ્રિમે વિવાહિત તકરારો કૌટુંબીક કારણો વગરના ત્રણ મહિનાથી વધુનો સમય વિલંબ થયેલા કેસોને પ્રાથમિક તપાસ થઈ શકે તેવા ગુન્હાનો સમાવેશ કર્યો છે.

આવી તપાસ સાત દિવસમાં કરવી જોઈએ અને જો વિલંબ થાય તો તેના કારણો ડેઈલી ડાયરીમાં તપાસ કરનાર અધિકારીએ નોંધવા જોઈએ પોલીસ સ્ટેશનમાં રાખવામા આવેલી જનરલ ડાયરી સ્ટેશન ડાયરી, ડેઈલી ડાયરીમાં જાહેર થયેલા ગુન્હા સંબંધે દરેક માહિતી નોંધવી ફરજીયાત છે. પ્રથમ માહિતીના આધારે એફ.આઈ.આર ના નોંધવાથી ફરીયાદીના અધિકારનો ભંગ થાય છે અને આરોપીને પુરાવાનો નાશ કરવાનો સમય મળી રહે છે અગર તો ભાગવાનો સમય મળી રહે છે પરંતુ કેટલાક સંજોગોમાં સ્પષ્ટ રીતે કોગ્નિઝેબલ ગુન્હો છે તેવું પુરવાર થતુ ના હોય પરંતુ એફ.આઈ.આર રજીસ્ટ્રર કરવાથી સામાપક્ષને અન્યાય થવાની વિશેષ શકયતાઓ છે. ભારતીય કાયદામાં પ્રથમ અહેવાલ એફ.આઈ.આર. માં મહત્વનો દસ્તાવેજ માનવમાં આવે છે જેનો મુખ્ય હેતુ તપાસને આગળ વધારવા તથા ઉચ્ચ તપાસ અધિકારીઓનુ ગુન્હા અંગેની તપાસ માહિતી મળી રહે અને આરોપીઓની ધરપકડ કરી શકે તેવો છે ઉપરોકત ચર્ચાઓ બાદ સુપ્રિમ કોર્ટની ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા દ્વારા નિમાયેલી લાર્જર બેંક દ્વારા આ મામલે આઠ જેટલા માર્ગદર્શન આપવાનું નક્કી કરી કોર્ટે આ માર્ગદર્શનો અને યુનિયન ટેરેટરીઝના ઉચ્ચ અધિકારીઓને સાંભળી તેમના અભિપ્રાયો ધ્યાને લઈ રાજયના તમામ તપાસ એજન્સીને ઉપરોકત મુદ્દાઓ અનુસરી એફ.આઈ.આર. નોંધવા માટે ફરજીયાત જણાવેલ છે જેથી કરીને એફ.આઈ.આર. ના નોંધવાના કારણે ફરીયાદ પક્ષને થતું નુકશાન તથા ન્યાય મેળવવામાં વંચિત ના રહી જાય તથા આરોપી પોતાનું ધાર્યું કરી કાયદાનો દૂરપયોગ કરી ગુન્હામાંથી છૂટકી ના જાય તે જોવાનું તપાસ અધિકારીએ જોવું જોઈએ.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ત્યારે પણ ભારે ઉહાપોહવાળી ચર્ચા થઈ હતી. એમ છતાં બંધારણસભાના દીર્ઘદષ્ટા સભ્યોએ ભવિષ્યનો વિચાર કરીને સમાન નાગરી ધારણા રાષ્ટ્રીય અમલના આદર્શનો બંધારણમાં સમાવેશ કરવાનું યોગ્ય લેખ્યું હતું. એ ચર્ચામાં ક. મા. મુનશી જેવા સરદારનિષ્ઠ કેન્દ્રના પ્રધાને ઈજિપ્ત અને તુર્કી જેવા પ્રગતિશીલ મુસ્લિમ દેશોની જોગવાઈથી લઈને ભારતમાં પહેલી વાર મુસ્લિમ શાસન સ્થાપનાર અલ્લાઉદ્દીન ખીલજીના શરિયતને ઉથાપીને પ્રજાના વિશાળ હિતમાં કરવામાં આવેલા કાયદાઓની ચર્ચા પણ કરી હતી.

**હિંદુ કોડ બિલ સામે રાજેન્દ્ર પ્રસાદનો વિરોધ**

ભારતના પ્રથમ વડા પ્રધાન નેહરુ અને પ્રથમ કાયદાપ્રધાન ડૉ..આંબેડકર હિંદુ કોડ બિલને મંજૂર કરાવીને દેશભરના હિંદુઓ માટે સમાન રીતે લગ્ન, છૂટાછેડા, સંપત્તિ હક સહિતની કાયદાકીય જોગવાઈઓ કરવા માટે કૃતસંકલ્પ હતા. જોકે, આની સામે એ વેળા રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, નાયબ વડા પ્રધાન સરદાર પટેલ, ઉદ્યોગપ્રધાન અને હિંદુ મહાસભાના પૂર્વ અધ્યક્ષ ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી સહિતના હિંદુવાદી કૉંગ્રેસીઓ અને અન્યોએ વિરોધ કર્યો હતો. આને કારણે જે નેહરુ હિંદુ કોડ બિલ મંજૂર કરાવવા માટે પોતાની સરકારનું રાજીનામું ધરી દેવાની વાતો કરતા હતા, એમણે પાણીમાં બેસી જવું પડ્યું હતું. ડૉ. આંબેડકરે જે પાંચ મુદ્દા પર ૧૯૫૧માં સરકારમાંથી રાજીનામું આપ્યું અને નેહરુની ટીકા કરી એમાં હિંદુ કોડ બિલનો મુદ્દો પણ મુખ્ય હતો. એ દિવસોમાં હિંદુવાદી સંગઠનોએ, જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પણ સમાવેશ થતો હતો, ડૉ. આંબેડકરનાં પૂતળાં બાળવા સુધી જવાનું પસંદ કર્યું હતું. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તો ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૧ના રોજ વડા પ્રધાન નેહરુને પત્ર લખીને હિંદુ કોડ બિલને હિંદુ કુટુંબ પ્રથા માટે ઘાતક લેખાવવા સહિતની બાબતે વિરોધ કરીને દબાણ આણ્યું હતું. નેહરુ સરકારે પાછળથી હિંદુ કોડ બિલને અલગ અલગ કાયદામાં વિભાજિત કરીને હિંદુઓ માટેના અલગ અલગ કાયદા મંજૂર કરાવવા પડ્યા હતા. સરદાર પટેલનું તો ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ અવસાન થયું હોવાથી આ મામલે પ્રભાવી મધ્યસ્થી કરવા સક્ષમ કોઈ વ્યક્તિત્વ નહોતું અને ડૉ. આંબેડકર સરકારમાંથી છૂટા થઈને સામી પાટલીએ બેઠા હતા.

**કાયદો થાય એ સાથે તેનું પાલન મહત્ત્વનું**

બ્રિટનમાં લિખિત બંધારણ નહીં હોવા છતાં એની ઉજ્જવળ પરંપરાઓને આધારે લોકશાહીને દૃઢ કરવાની દિશામાં નિર્ણયો લેવાતા રહે છે અને સમયાંતરે લોકશાહી મજબૂત થતી રહી છે. ભારતમાં શ્રેષ્ઠ બંધારણ ઘડવામાં આવ્યું, એના અમલ માટેના કાયદાઓ પણ ઘડાયા, પરંતુ કાયદાઓના પાલનની દિશામાં પ્રજાની ઉદાસીનતા અથવા તો કાયદા તોડવાની વૃત્તિ-પ્રવૃત્તિ સવિશેષ જોવા મળી છે એટલે ભારતમાં માત્ર કાયદો ઘડી કાઢવાથી વાત પતતી નથી, એ કાયદાનો યોગ્ય અમલ કરવાની દિશામાં પ્રજાને સજ્જ કરવામાં આવે એની સવિશેષ જરૂર છે.કેન્દ્ર સરકાર મુસદ્દો તૈયાર કરીને ચર્ચામાં મૂકીને સંસદની સંમતીથી સમાન નાગરી ધારાનો સત્વરે અમલ કરવાની ગંભીરતા દાખવે એ અપેક્ષિત છે.

- haridesai@gmail.com